જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૩/૦૬/૨૦૧૮ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૮૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૬૨ વ્યક્તિઓને ઝડપી, ૬૪૪ લીટર દેશી દારૂ, ૪૨૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૧ બિયર, ૦૧ રીક્ષા અને ૦૩ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૭૦૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૮૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૮૪ /૧૮

**માધવપુરાઃ** અરવિંદભાઈ મંગળદાસ પટેલ (ઉ.વ.૫૨) (રહે. સુંદરવન એપાર્ટમેન્ટ પારસનગરની સામે સોલા રોડ) એ તા.૨૨/૬/૧૮ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અલકા અર્થટેક ઈકયુપમેન્ટના પ્રોપરાઈટર ભગાજી તખાજી ઠાકોર (રહે. દેદીયાસણ જી.આઈ.ડી.સી-૨ મહેસાણા) દીલ્લી દરવાજા બીજી ટાવરમાં બીજા માળે ઓફીસ નં.સી/૮૫ ‘શ્રી સત્યદેવ સ્ટીલ ’ નામની દુકાનેથી અલગ અલગ પ્રકારના આયર્ન સ્ટીલ તેમજ લોખંડને લગતી અન્ય પ્રોડક્ટ રો-મટીરીયલ કિમત રૂપિયા ૨૨,૭૦,૫૦૫/- ખરીદ કરી રૂપિયા ૧૩,૨૫,૫૨૯/- પેમેન્ટ કરી બાકી નીકળતા રૂપિયા ૯,૪૪,૯૭૬/- નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જી.પરમાર ચલાવે છે.

**ક્રાઈમ બ્રાન્ચઃ** દર્શનભાઇ પ્રવિણકુમાર શાહ (ઉ.વ.૫૧) (રહે. ગોયલપાર્ક રો હાઉસીસ,પેમચંદનગર રોડ, વસ્ત્રાપુર) એ તા.૨૨/૬/૧૮ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૬/૧૮ બપોરના ૪/૫૫ વાગ્યા પહેલાં અજાણી વ્યક્તિએ દર્શન શાહના એસ.બી.આઈ. બેન્કના કેડીટકાર્ડ નો નંબર તથા પાસવર્ડ કોઈ રીતે મેળવી લઈ કુલ રૂપિયા ૩૦,૨૩૯/- ટ્રાન્ઝેકશન કરી લઈ, દર્શનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૧૧૮૫ /૧૮**

**ઈસનપુરઃ** જીતેન્દ્રભાઇ માધવભાઇ ચૌહાણ (ઉ.વ.૬૨) (રહે.નવરચના સોસાયટી આનંદવાડીની અંદર આનંદવાડી બસ સ્ટેન્ડ પાસે ઇસનપુર) એ તા.૨૨/૬/૧૮ નારોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૬/૨૦૧૮ રાતના ૧૧/30 થી તા.૨૦/૦૬/૨૦૧૮ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના રસોડાની બારીની લોખંડની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી તિજોરીનુ તાળુ તોડી તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા નંગ-૧૦ અને રોકડ રૂપિયા ૯૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૯,૯૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૮૬/૧૮**

**રખિયાલઃ** જાગ્રતીબહેન ડો/ઓ વિનોદભાઇ પરમાર (ઉ.વ.૧૭) (રહે.સંત વિનોદભાવેનગર પાણીની ટાંકી સામે સ્લમ કવાર્ટસ રખિયાલ) એ અગમ્ય કારણોસર તા.૨૨/૬/૧૮ કલાક ૧૧/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.ગઢવી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.